# ગુજરાતમાં વરસાદથી 56નાં મોત

**૪૦,૫૦૦થી** વધુનું સ્થળાંતર, 2,600નું રેસ્ક્યુ

**હવે** ઉત્તર અને મધ્ય ગુજરાતમાં 'મેઘતાંડવ'ની ચેતવણી સાથે ૭ જિલ્લામાં 'રેડ એલર્ટ'

### આપત્તિ વચ્ચે રાજ્યભરમાંથી રેસ્ક્યુ ઓપરેશનના અનેક દિલધડક કિસ્સા સામે આવ્યા છે

**ચાંગોદર (ગેલોપ્સ પાર્ક):** અમદાવાદના ચાંગોદર ખાતે ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં ૬થી ૧૦ ફૂટ પાણી ભરાતાં ૧,૦૦૦ જેટલા શ્રમિકો ફસાયા હતા. અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમ પ્રકાશ જાટની આગેવાની હેઠળ આર્મી, NDRF, SDRF, કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક પોલીસે બોટ અને ટ્રેક્ટર વડે ૫૦૦થી વધુ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

**સાંતલપુરમાં NDRF તૈનાત:** પાટણના સાંતલપુરમાં ૭થી ૮ ગામો સંપર્કવિહોણા બનતાં સુરતથી NDRFની ૩૦ જવાનોની વિશેષ ટીમને બોટ અને આધુનિક સાધનો સાથે ખડેપગે રાખવામાં આવી હતી.

**સાણંદ-વિરમગામ હાઈવે પર એસટી બસ પલટી:** અમદાવાદ-નખત્રાણા રૂટની એસટી બસ પૂરના પ્રવાહમાં પલટી જતાં મુસાફરોએ બસની છત પર ચઢીને જીવ બચાવ્યો હતો. » વાપીના મોરાઈ પાસે વીજપોલના સહારે જીવ બચાવી રહેલા યુવકને ડુંગરા PI બી.એન. ગોહિલ અને તેમની ટીમે જીવના જોખમે ઉગાર્યો હતો. આ ઉપરાંત, ૧૦૮ એમ્બ્યુલન્સ ન પહોંચી શકતાં પાટડી પોલીસે ગર્ભવતી મહિલાને ઊંચકીને હોસ્પિટલ પહોંચાડી સરાહનીય કામગીરી કરી હતી.

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં સર્જાયેલી ભારે પૂર હોનારત બાદ હવે આફતનો કોપ ઉત્તર અને મધ્ય ગુજરાત તરફ ફંટાયો છે. રાજ્યમાં અવિરત વરસી રહેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિના કારણે વધુ ૩૧ લોકોનાં કરૂણ મોત નિપજ્યાં હતાં, જેની સાથે મોસમનો કુલ મૃત્યુઆંક ૫૬ પર પહોંચી ગયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૪૦,૫૦૦થી વધુ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે ૨,૬૦૦થી વધુ લોકોને રેસ્ક્યૂ કરી ઉગારી લેવાયા છે. હાલમાં રાજ્ય પર એકસાથે ૫ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી હવામાન વિભાગ દ્વારા શનિ અને રવિવાર દરમિયાન ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ રવિવાર સુધી તોફાની વરસાદી માહોલ જળવાઈ રહેવાની આગાહી કરાઈ છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી સમગ્ર રાજ્યના વહીવટી તંત્રને હાઈ એલર્ટ મોડ પર મૂકી દીધું છે.હાલમાં રાજ્ય પર એકસાથે ૫ જેટલી વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી હવામાન વિભાગ દ્વારા શનિવાર અને રવિવાર દરમિયાન ઉત્તર અને મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રના ૭ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. દક્ષિણ-પૂર્વ રાજસ્થાન પર સર્જાયેલું લો-પ્રેશર હવે વધુ મજબૂત બની ગયું છે અને તેની સાથે જોડાયેલું સાયક્લોનિક સર્ક્યુલેશન આશરે ૯.૪ કિમીની ઊંચાઈ સુધી વિસ્તરેલું છે. મોન્સૂન ટ્રફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ગુજરાતથી કર્ણાટક કોસ્ટ સુધી વિસ્તરેલો 'ઓફશોર ટ્રફ' એકસાથે સક્રિય હોવાથી રાજ્યમાં આટલી અતિવૃષ્ટિ સર્જાઈ રહી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, મહિસાગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં અત્યંત ભારે વરસાદનું 'રેડ એલર્ટ' આપવામાં આવ્યું છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ તથા રાજકોટ, અમરેલી, ભાવનગર, મોરબી અને બોટાદમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર સ્થિત SEOC ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી રાહત અને બચાવ કામગીરીની સમીક્ષા કરી હતી. વલસાડ અને નવસારીમાં મોસમનો સરેરાશ ૯૦% થી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

**૨,૬૦૦થી વધુ લોકો રેસ્ક્યુ ૪૦ કરોડની સહાય કરાઇ**

**૩૬૫ રસ્તા પુનઃશરૂ કરી દેવાયા છે**

**રાજ્યમાં NDRFની ૧૭, SDRFની ૩૨ ટીમ**

**ભારતીય સેનાની ૬ ટુકડીઓ તૈનાત**

**૪૦,૫૦૦થી વધુ નાગરિકોનું સ્થળાંતર કરાયું**

# હવે ઉત્તર ગુજરાત ઉપર ખતરો, સાંતલપુરમાં 15 ઇંચ વરસાદ પડ્યો

**7 જિલ્લામાં** રેડ એલર્ટથી તંત્ર હાઈ એલર્ટ પર, રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો 52% વરસાદ

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતમાં વિનાશક વરસાદ અને પૂરની સ્થિતિ બાદ હવે મેઘરાજાએ ઉત્તર અને મધ્ય ગુજરાત તરફ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના સરેરાશ 265 તાલુકાઓમાં વરસાદ નોંધાતા ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે, જેમાં પાટણ જિલ્લાના સાંતલપુરમાં સૌથી વધુ 15 ઇંચ વરસાદ વરસ્યો છે. બીજી તરફ આજે શનિવારે સાંજના 6 વાગ્યા સુધી રાજ્યના 202 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે અને વલસાડ જિલ્લાના કપરાડામાં સૌથી વધુ 3.43 ઇંચ વરસાદ નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી મોસમી સરેરાશ વરસાદના 52.03 ટકા વરસાદની નોંધ થઈ ચૂકી છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી સાથે રવિવારે ઉત્તર ગુજરાતના 7 જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરતાં રાજ્ય સરકાર, એનડીઆરએફ, એસડીઆરએફ અને ભારતીય સેનાને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યમાં અત્યાર સુધી 472.85 મીમી એટલે કે મોસમી વરસાદના 52.03 ટકા વરસાદની નોંધ થઈ છે. ઝોનવાર જોઈએ તો દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 1,177.98 મીમી (76.39 ટકા) વરસાદ નોંધાયો છે. ત્યારબાદ સૌરાષ્ટ્રમાં 330.24 મીમી (43.33 ટકા), મધ્ય-પૂર્વ ગુજરાતમાં 353.87 મીમી (43.21 ટકા), ઉત્તર ગુજરાતમાં 254.88 મીમી (34.90 ટકા) તથા કચ્છમાં 92.90 મીમી (18.59 ટકા) વરસાદ નોંધાયો છે. છેલ્લા 24 કલાક દરમિયાન ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ સરેરાશ 93.05 મીમી, કચ્છમાં 61.30 મીમી, મધ્ય-પૂર્વ ગુજરાતમાં 59.50 મીમી, દક્ષિણ ગુજરાતમાં 41.98 મીમી અને સૌરાષ્ટ્રમાં 35.44 મીમી સરેરાશ વરસાદ નોંધાયો છે.

**છેલ્લા 24 કલાકનો વરસાદ**

| | |
|---|---|
| સાંતલપુરમાં | 15 ઇંચ |
| રાધનપુરમાં | 13.46 ઇંચ |
| ભાભરમાં | 11.30 ઇંચ |
| દિયોદરમાં | 10.83 ઇંચ |
| નડિયાદમાં | 10.31 ઇંચ |
| મહેમદાવાદમાં | 8.39 ઇંચ |
| થાનગઢ | 7.09-7.09 ઇંચ |
| વાંકાનેરમાં | 6.93 ઇંચ |
| સુઈગામમાં | 6.81 ઇંચ |
| ઓગડમાં | 5.98 ઇંચ |
| દહેગામમાં | 5.71 ઇંચ |
| થરાદમાં | 5.12 ઇંચ |
| સોજીત્રામાં | 5.04 ઇંચ |
| ડીસામાં | 5 ઇંચ, |

# સુરતમાં વરસાદનું જોર ઘટ્યું ઉમરપાડામાં 3.43 ઈંચ વરસાદ

**બે** દિવસથી વરસાદમાં રાહત છતાં હવામાન વિભાગે આગામી બે દિવસ માટે આગાહી યથાવત રાખી

સુરતઃ છેલ્લા બે દિવસથી વરસાદનું જોર નોંધપાત્ર રીતે ઘટતા લોકો અને તંત્રને આંશિક રાહતનો અનુભવ થયો છે. તેમ છતાં જિલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં ખાડીપૂરની સ્થિતિ હજુ યથાવત હોવાથી તંત્ર સતત નજર રાખી રહ્યું છે. વિતેલા 24 કલાક દરમિયાન જિલ્લામાં સર્વત્ર વરસાદ નોંધાયો હતો. તેમાં ઉમરપાડામાં સૌથી વધારે અને પલસાણામાં સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. શનિવારે દિવસ દરમિયાન વરસાદનું જોર વધુ ઘટી જતાં મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય જનજીવન ફરી ધીમે ધીમે પૂર્વવત થતું જોવા મળ્યું હતું. જોકે હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન જિલ્લામાં ફરી વરસાદી માહોલ રહેવાની આગાહી વ્યક્ત કરી હોવાથી વહીવટી તંત્ર અને નાગરિકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. વરસાદનું પ્રમાણ ઘટતાં તાપમાનમાં પણ થોડો વધારો નોંધાયો છે.

**જિલ્લામાં 24 કલાકમાં નોંધાયેલો વરસાદ**

| તાલુકા | વરસાદ (મીમી) |
|---|---|
| ઉમરપાડા | 87 |
| માંગરોળ | 64 |
| અંબિકા | 47 |
| કામરેજ | 38 |
| સુરત | 33 |
| અરેઠ | 32 |
| ઓલપાડ | 29 |
| મહુવા | 20 |
| માંડવી | 17 |
| ચોર્યાસી | 15 |
| બારડોલી | 11 |
| પલસાણા | 8 |

## નવી મુંબઈની મહિલા વેપારીને ચેક રિટર્ન કેસમાં સજા

સુરતઃ બાંધકામ માટેના બ્લોકના બાકી નાણાં પેટે આપેલા ચેક રિટર્ન કેસમાં નવી મુંબઈ કોપરી ગામની ફરદે ટ્રેડિંગ કંપનીના માલિક આશાબેન નરેશ પવારને કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આરોપી વિરુદ્ધ સિમેન્ટના બ્લોક વેચનાર કંપનીનાં ડો.રાજેશભાઈ નારિયાએ ફરિયાદ કરી હતી. જે અંગે કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષે એડવોકેટ નરેશ નાવડીયા, ભાવેશ નાવડીયા, સંદીપ માંગુકીયાની દલીલ અને પુરાવાને કોર્ટે માન્ય રાખી ફરદે ટ્રેડિંગ કંપનીના માલિક આરોપી આશાબેન નરેશ પવારને એક વર્ષની કેદની સજા ફટકારી હતી અને સાથે રૂ.૩,૧૦,૭૪૪ની રકમ વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. કોર્ટમાં ચુકાદા સમયે આરોપી આશાબેન હાજર નહીં રહેતા કોર્ટે પકડ વોરંટ ઈસ્યુ કર્યું હતું.

# વીર નર્મદ યુનિ.ના BoM અને ECની નવી નિમણૂકો જાહેર

**બોર્ડ** ઓફ મેનેજમેન્ટની 18માંથી 8 બેઠક ભરાઈ, 10 ખાલી

**એક્ઝિક્યુટિવ** કાઉન્સિલની 18માંથી 13 બેઠક પર નિમણૂક, 5 હજુ ખાલી

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ એક્ટ-2023 હેઠળ યુનિવર્સિટીની બે સર્વોચ્ચ વૈધાનિક સંસ્થાઓ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (EC) અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BoM) ના સભ્યોની નવી નિમણૂકો જાહેર કરી છે.

કુલપતિ ડૉ. કે.એન. ચાવડાએ જાહેર કરેલા આ આદેશ મુજબ સભ્યોનો કાર્યકાળ 23 જુલાઈ, 2026થી અઢી વર્ષ અથવા તેઓ 62 વર્ષની વયમર્યાદા પૂર્ણ કરે ત્યાં સુધી, બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી રહેશે. જોકે, નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG)ના નિયમો મુજબ કેટલીક વિશેષ શ્રેણીના હોદ્દેદારોને 62 વર્ષની વયમર્યાદા લાગુ પડશે નહીં. યુનિવર્સિટીના બંને સર્વોચ્ચ મંડળોમાં મળીને કુલ 36 બેઠક છે. તેમાંથી હાલમાં 21 બેઠક પર નિમણૂક કરવામાં આવી છે,

**એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (EC)ના સભ્યો**

| | |
|---|---|
| ડો. કે.એન. ચાવડા | કુલપતિ (અધ્યક્ષ) |
| ડો. આર.સી. ગઢવી | કુલસચિવ (સભ્ય સચિવ) |
| એ.વી. ધાડુક | પરીક્ષા નિયામક |
| ડો. મિતલ ઉપાધ્યાય | નાણાં અને હિસાબી અધિકારી |
| ડો. આરતી રાજ્યગુરુ | યુનિવર્સિટી વિભાગોના વડા |
| ડો. દિગ્વિજય ઠાકોર | યુનિવર્સિટી વિભાગોના વડા |
| ડો. મહેશકુમાર ડે | યુનિવર્સિટી વિભાગોના વડા |
| ખાલી | સંલગ્ન કોલેજોના ચાર આચાર્યો |
| ડો. જયદીપ ચૌધરી | યુનિવર્સિટીના શિક્ષકો |
| ડો. રવિ ગુલાટી | યુનિવર્સિટીના શિક્ષકો |
| ડો. રાજેશ રાણા | સંલગ્ન કોલેજોના શિક્ષકો |
| ડો. નેહા હરિયાણી | સંલગ્ન કોલેજોના શિક્ષકો |
| ડો. અલ્કા ચૌહાણ | સંલગ્ન કોલેજોના શિક્ષકો |
| ડો. મધુ પટેલ | સંલગ્ન કોલેજોના શિક્ષકો |
| ખાલી | ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ |

**બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BoM)ના સભ્યો**

| | |
|---|---|
| ડો. કે.એન. ચાવડા | કુલપતિ (અધ્યક્ષ) |
| ખાલી | શિક્ષણ/ઉદ્યોગ/કૃષિ ક્ષેત્રના અગ્રણી |
| ડો. રાજેન્દ્ર પટેલ | યુનિવર્સિટી વિભાગના વડા |
| ખાલી | બે ડીન |
| ડો. શર્મિલા પટેલ | કોલેજ વિભાગના વડા |
| ડો. ઈશ્વર પટેલ | યુનિવર્સિટીના શિક્ષકો |
| ડો. મધુ ગાયકવાડ | યુનિવર્સિટીના શિક્ષકો |
| ડો. રોશન પટેલ | કોલેજના શિક્ષકો |
| ડો. રશ્મિ પટેલ | કોલેજના શિક્ષકો |
| ખાલી | કોલેજ સંચાલન મંડળના બે પ્રતિનિધિ |
| ખાલી | રજિસ્ટર્ડ સ્નાતકોમાંથી બે પ્રતિનિધિ |
| ખાલી | એકેડેમિક કાઉન્સિલના બે સભ્ય |
| ખાલી | રાષ્ટ્રીય સ્તરની સંસ્થાના તજજ્ઞ |
| ડો. આર.સી. ગઢવી | કુલસચિવ |



## ઓલપાડના અસરગ્રસ્ત ગામોની ધારાસભ્ય મુકેશ પટેલ મુલાકાતે

**ભારે** વરસાદથી 1,090 નાગરિકોનું સ્થળાંતર, રાહત અને આરોગ્ય કામગીરી ઝડપી બનાવવા તંત્રને સૂચનાઓ

સુરતઃ ઓલપાડ તાલુકામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે સાયણ, ઓલપાડ, વડોલી, ઉમરાછી, કિમ, ટકારમા સહિતના અનેક ગામોમાં પાણી ભરાવા અને જનજીવન પ્રભાવિત થવાની સ્થિતિ સર્જાઈ હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલે અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લઈને સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

મુલાકાત દરમિયાન ધારાસભ્ય મુકેશ પટેલે જણાવ્યું હતું કે અસરગ્રસ્ત પરિવારોને જરૂરી સહાય સમયસર મળી રહે અને રાહત કામગીરીમાં કોઈ વિલંબ ન થાય તે માટે તમામ વિભાગો સતત સંકલન સાથે કામગીરી કરી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા પણ પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત મુજબ વધારાની રાહત કામગીરી હાથ ધરવામાં આવશે. ભારે વરસાદની પરિસ્થિતિમાં લોકોની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા તંત્ર દ્વારા કુલ 1,090 નાગરિકોનું સુરક્ષિત સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સ્થળાંતર કરાયેલા લોકોને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ રાહત કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે પણ ધારાસભ્યએ અધિકારીઓને સૂચના આપી હતી. આ ઉપરાંત, વરસાદ બાદ રોગચાળો ફાટી નીકળે નહીં તે માટે આરોગ્ય વિભાગને સતર્ક રહેવા સૂચવાયું હતું. જ્યાં પાણી ઓસરવાનું શરૂ થયું છે તે વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા દવાનો છંટકાવ, સ્વચ્છતા અભિયાન અને જરૂરી આરોગ્ય સેવાઓ શરૂ કરવામાં આવી છે. જરૂરિયાત મુજબ તાત્કાલિક સારવાર ઉપલબ્ધ થાય તે માટે પણ આરોગ્ય તંત્રને સજ્જ રહેવા જણાવાયું હતું.

## સુરત, ઉધના, મુંબઈથી ઉપડતી 13 જોડી વિશેષ ટ્રેનોના ફેરા લંબાવાયા

સુરતઃ પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને અને તેમની સગવડતા સુનિશ્ચિત કરવાના હેતુથી વિવિધ રૂટ પર દોડતી 13 જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, ફેરા ધરાવતી પ્રમુખ ટ્રેનોમાં મુંબઈ સેન્ટ્રલ-કટીહાર સ્પેશિયલ હવે 29 ઓગસ્ટ (કટીહારથી 1 સપ્ટેમ્બર) સુધી, મુંબઈ સેન્ટ્રલ-બનારસ સ્પેશિયલ 30 સપ્ટેમ્બર (બનારસથી 2 ઓક્ટોબર) સુધી અને અમદાવાદ-દરભંગા સ્પેશિયલ 11 સપ્ટેમ્બર (દરભંગાથી 14 સપ્ટેમ્બર) સુધી ચાલુ રહેશે. આ ઉપરાંત વડોદરા-ગોરખપુર સ્પેશિયલ 28 સપ્ટેમ્બર, વડોદરા-મઉ સ્પેશિયલ 26 સપ્ટેમ્બર, વલસાડ-દાનાપુર સ્પેશિયલ 31 ઓગસ્ટ અને સુરત-છપરા સ્પેશિયલ 29 સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે.



## દ.ગુજરાતમાં પૂરગ્રસ્તોની મદદે સચિન GIDCના ઉદ્યોગપતિઓ

**સી.આર.** પાટીલ અને સંદીપ દેસાઈના માર્ગદર્શન હેઠળ 10 હજારથી વધુ પરિવારો સુધી ભોજન સેવા શરૂ

સુરતઃ વાપી, વલસાડ, બીલીમોરા અને નવસારી સહિતના વિસ્તારોમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન પ્રભાવિત થતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ તથા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈના માર્ગદર્શન હેઠળ સચિન GIDCના ઉદ્યોગપતિઓ દ્વારા મહેન્દ્ર રામોલિયાના નેતૃત્વમાં ગઈકાલથી રાહત કામગીરી શરૂ કરવામાં આવી છે. સચિન GIDCના ઉદ્યોગકાર મહેન્દ્ર રામોલિયાએ જણાવ્યું હતું કે, "જ્યાં સુધી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પાણી સંપૂર્ણપણે ઓસરશે નહીં અને લોકોની સ્થિતિ સામાન્ય નહીં બને, ત્યાં સુધી અમારી ટીમ સતત રાહત કામગીરી ચાલુ રાખશે. જરૂર પડશે તો આગામી દિવસોમાં પણ દરેક શક્ય મદદ માટે અમે હંમેશા તૈયાર છીએ."

## બાઈક્સ ચોરી કરી જીલાની બ્રિજ નીચે સંતાડી દેતાં

**8 બાઈક** સાથે ભાવનગરના બે ઝડપાયા, સુરતના પાંચ-બોટાદના ગુના ઉકેલાયા

સુરતઃ ચોકબજાર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે બાતમી આધારે ભાવનગરના બે રીઢા વાહનચોરને ઝડપી પાડી તેમની પાસેથી કુલ 1.70 લાખની કિંમતની 8 ચોરાયેલી મોટરસાઈકલ કબજે કરી છે. આ કામગીરીથી ચોકબજાર, કતારગામ, સિંગણપોર-ડભોલી અને ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કુલ પાંચ વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. તસ્કરો ચોરેલી બાઈક જીલાની બ્રીજ નીચે સંતાડી દેતા હતા.

ગત 28 જૂન, 2026ના રોજ કોઝવે રોડ પર શ્રદ્ધાદીપ સોસાયટી નજીકથી સ્પ્લેન્ડર મોટરસાઈકલની ચોરી અંગે ચોકબજાર પોલીસની ટીમને બાતમી મળી હતી કે નંબર પ્લેટ વગરની સ્પ્લેન્ડર મોટરસાઈકલ પર બે શંકાસ્પદ યુવકો ફરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે ઘેરાબંધી કરી સુનિલ પ્રેમજીભાઈ આંબળિયા (ઉં.વ.28) અને રાહુલ પ્રકાશભાઈ સોલંકી (ઉં.વ.20), બંને મૂળ ભાવનગર જિલ્લાના રહેવાસીઓને ઝડપી પાડ્યા હતા. કડક પૂછપરછમાં સુનિલે કોઝવે રોડ પરથી બાઈક ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી, જ્યારે રાહુલે કતારગામ વિસ્તારમાંથી મોટરસાઈકલ ચોરી હોવાનું સ્વીકાર્યું હતું. વધુ પૂછપરછમાં બંનેએ સુરતના વિવિધ વિસ્તારો તેમજ બોટાદ જિલ્લાના તાજપર ગામમાંથી ચોરી કરેલી અન્ય બાઈકો જિલ્લા બ્રિજ નીચે સંતાડી રાખી હોવાનો ખુલાસો કર્યો હતો. પોલીસે સ્થળ પર પહોંચી વધુ છ ચોરાયેલી મોટરસાઈકલો કબજે કરી હતી.

પોલીસે કુલ આઠ મોટરસાઈકલ, જેની અંદાજિત કિંમત 1.70 લાખ થાય છે, કબજે કરી છે. આ સાથે કોઝવે રોડ, કતારગામ, ડભોલી, નાની વેડગામ, ઉમરાગામ તથા બોટાદ જિલ્લામાં નોંધાયેલા વાહનચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. સાથે જ તેઓ અન્ય કોઈ વાહનચોરીના ગુનાઓમાં સંડોવાયેલા છે કે નહીં તે દિશામાં પણ ચોકબજાર પોલીસ તપાસ આગળ વધારી રહી છે.

# શૈક્ષણિક લોનના નામે ૬૫ લાખની ઠગાઈ કરનાર સુરતમાંથી ઝડપાયો

**રાજકોટ**-પોરબંદરના વિદ્યાર્થીઓ અને વાલીઓને છેતરનારને કાપોદ્રા પોલીસની સર્વેલન્સ ટીમે દબોચ્યો

સુરતઃ એજ્યુકેશન લોન અપાવવાની અને લોન રી-પેમેન્ટના બહાને વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ પાસેથી આશરે રૂ.૬૫ લાખની ઠગાઈ આચરનાર ભેજાબાજને કાપોદ્રા પોલીસની સર્વેલન્સ ટીમે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. આરોપી વિરુદ્ધ રાજકોટના જેતપુર સિટી અને પોરબંદરના બગવદર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીના ગુના નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે.

પોલીસને બાતમી મળી હતી કે રાજકોટ ખાતે એપેક્સ ફ્લાય કન્સલ્ટન્સીમાં એજ્યુકેશન લોનની કામગીરી કરતો જયદિપ મહેશભાઈ રામાણી (ઉં.વ.૨૪, રહે., ધર્મનંદન બંગ્લોઝ, કામરેજ, સુરત, મૂળ રાજકોટ) સુરતમાં ફરી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તેને ઝડપી પાડી પૂછપરછ હાથ ધરી હતી.

પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ એજ્યુકેશન લોન મંજૂર કરાવી આપવાના તેમજ લોન રી-પેમેન્ટના નામે વિશ્વાસમાં લઈ અલગ-અલગ કારણોસર આશરે પાંચ જેટલા અરજદારો પાસેથી કુલ રૂ.૬૫ લાખ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હોવાનું કબૂલ્યું હતું.

તપાસ દરમિયાન પોરબંદરના ક્રિષ્ના ખુન્ટી પાસેથી લોન રી-પેમેન્ટના બહાને રૂ.૧૩ લાખ, કેશુભાઈ કારાવદરા પાસેથી રૂ.૧૧ લાખ, રિધમ પરમાર પાસેથી એજ્યુકેશન લોનના નામે રૂ.૪.૭૦ લાખ તેમજ જૂનાગઢના રાહીલભાઈ કોટડીયા પાસેથી લોન પ્રક્રિયાના બહાને રૂ.૨ લાખ પડાવ્યાનું સામે આવ્યું છે. અન્ય અરજદારો સાથે પણ સમાન પ્રકારની છેતરપિંડી કરવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

# ઉધના મોરારજી વસાહતમાં ફ્રિજના કોમ્પ્રેસરમાં બ્લાસ્ટથી આગ લાગી

**ફાયર** બ્રિગેડે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો

સુરતઃ ઉધના બસ સ્ટેન્ડની પાછળ આવેલી મોરારજી વસાહતમાં શુક્રવારે મોડી રાત્રે એક મકાનમાં રેફ્રિજરેટરના કોમ્પ્રેસરમાં બ્લાસ્ટ થતાં આગ લાગવાની ઘટના બની હતી. અચાનક થયેલા ધડાકા અને આગને કારણે વિસ્તારમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ માનદરવાજા ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો અને આગને વધુ ફેલાતી અટકાવી કાબૂમાં લીધી હતી.

માનદરવાજા ફાયર સ્ટેશનના ફાયર સબ ઓફિસર જયદીપ ઈસરાનીએ જણાવ્યું હતું કે મોરારજી વસાહતમાં આવેલા અનિલભાઈ સિંદેના મકાનમાં શનિવારે રાત્રે 2:57 વાગ્યે આ ઘટના બની હતી. પ્રાથમિક તપાસમાં રેફ્રિજરેટરના કોમ્પ્રેસરમાં થયેલા બ્લાસ્ટ બાદ આગ ભભૂકી હોવાનું સામે આવ્યું છે. આગ મોટાભાગે રસોડાના ભાગમાં ફેલાતા ત્યાં રાખેલો ઘરવખરીનો સામાન, વાસણો તેમજ અન્ય ચીજવસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. ફાયર બ્રિગેડની ટીમે સમયસર કામગીરી હાથ ધરતા આગને અન્ય રૂમોમાં ફેલાતી અટકાવી હતી.

## નવસારીમાં સફાઈ માટે સુરત મનપાની ટીમ રવાના

સુરતઃ નવસારીમાં ભારે વરસાદ અને પૂર બાદ રોગચાળાની સંભાવનાને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાએ મદદનો હાથ લંબાવ્યો છે. આરોગ્ય વિભાગના નિર્ણય અનુસાર આજે સવારે 100 સફાઈ કામદાર અને 10 સુપરવાઈઝરની ટીમને નવસારી ખાતે સફાઈ અભિયાન માટે રવાના કરવામાં આવી હતી. ખરવરનગર ખાતેથી બે લક્ઝરી બસ મારફતે ટીમને નવસારી મોકલવામાં આવી, જ્યાં શહેરના વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરાશે. છેલ્લા બે દિવસમાં નવસારી જિલ્લામાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં 15થી 20 ફૂટ સુધી પાણી ભરાતા ગંભીર પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી અને 11 હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાવવું પડ્યું હતું.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### 25 વિસ્તારો...

પડી રહ્યું છે. દર વર્ષે ખાડીપૂર બાદ કાયમી ઉકેલનાં વચનો આપવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે દરેક વરસાદે તંત્રની નિષ્ફળતા ખુલ્લી પાડી દીધી છે.વરસાદના વિરામ પછી પણ મીઠી અને સીમાડા ખાડી હજુ પણ ભયજનક સપાટીએ વહેતી હોવાથી અનેક વિસ્તારોમાં પાણી ઓસરવાનું નામ લેતું નથી. એપીએમસી માર્કેટથી કડોદરા હાઈવે સુધી વાહનવ્યવહાર પણ પ્રભાવિત બન્યો છે. બીજી તરફ જ્યાં પાણી ઓસર્યું છે ત્યાં સફાઈ અભિયાન શરૂ કરાયું છે, પરંતુ હજુ પાણીમાં ગરકાવ વિસ્તારોના રહેવાસીઓ માટે આ કામગીરી માત્ર દેખાવ પૂરતી હોવાનું સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે. માત્ર એક જ પખવાડિયામાં બીજી વખત આવેલા ખાડીપૂરે સ્પષ્ટ કરી દીધું છે કે વર્ષોથી ચાલતી સમસ્યા સામે તંત્ર પાસે કોઈ અસરકારક અને કાયમી યોજના નથી.

### 3423 લોકો...

જળબંબાકારની સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા ત્રણ દિવસ પૂર્વે આશ્રયસ્થાનોની વ્યવસ્થા કરી હતી જેમાં લિંબાયત, ઉધના અને વરાછા ઝોન-એના 3423 લોકો હજુ આશ્રય લઇ રહયા છે. આ નાગરિકોને અલગ - અલગ શાળા - કોમ્યુનિટી હોલમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

### આ વિસ્તારોના...

(સારોલી) તથા સુરત બારડોલી મુખ્ય રસ્તા પર (લેન્ડમાર્ક ટેક્સટાઈલ પાર્ક) **ઉધના :** સંજય નગરમાં હાલમાં 2 થી 2.5 ફૂટ જેટલું પાણી, ક્રિષ્ના નગર, ગધાનગર, પ્રેમ નગર, સીતાનગર આશરે 523 જેટલા અસરગ્રસ્તો આશ્રયસ્થાનોમાં, મીઠીખાડી, આંજણા, પરવતગામ, સારોલી

### દરિયામાં માછલી...

તણાઈને તિથલના દરિયાકિનારે પહોંચ્યાં હતાં. જોકે લાકડાંની સાથે બિયર, વ્હિસ્કી અને વોડકાની બોટલો પણ કિનારે તણાઈ આવતાં લોકોમાં કુતૂહલ સર્જાયું હતું. જેના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ પણ થયા હતા.પૂર બાદ તિથલના દરિયાકિનારે તણાઈ આવેલા લાકડાં વીણવા કેટલીક મહિલાઓ પહોંચી હતી. આ દરમિયાન તેમને કચરા અને લાકડાં વચ્ચે દારૂની બોટલો જોવા મળી હતી. આ વાત આસપાસના વિસ્તારમાં પ્રસરી જતાં થોડા જ સમયમાં દારૂની બોટલો શોધવા મોટી સંખ્યામાં લોકો દરિયાકિનારે પહોંચી ગયા હતા.

સામાન્ય દિવસોમાં તિથલના દરિયામાં માછલી પકડવા પહોંચતા લોકો જોવા મળે છે, પરંતુ આ વખતે દૃશ્ય કંઈક જુદું જ હતું. લોકોની નજર દરિયાના મોજાં અને કિનારે તણાઈ આવતી બોટલો પર મંડાયેલી હતી. અનેક લોકોના હાથમાં બિયર ઉપરાંત વ્હિસ્કી અને વોડકાની બોટલો પણ આવી હતી. કેટલાકને તો એક કરતાં વધુ બોટલો મળતાં દરિયાકિનારે જાણે દારૂની બોટલો પકડવાની હોડ જામી હોય તેવાં દૃશ્યો સર્જાયા હતા. કેટલાક પ્રવાસીઓએ ત્યાંથી મળેલી બિયર ત્યાં જ પીને પાર્ટી કરી નાખી હતી અને ટીન પણ તિથલ બીચના રસ્તામાં ફેંકી દીધા હતા.

### શનિવારે પણ...

અન્ય ફેરફારોમાં 19002 સુરત-વિરમગામ એક્સપ્રેસને સુરતથી વલસાડ વચ્ચે રદ્દ કરીને વલસાડથી શોર્ટ ઓરિજિનેટ કરવામાં આવી હતી, જ્યારે 22959 વડોદરા-જામનગર એક્સપ્રેસને વડોદરાથી રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ્દ કરીને રાજકોટથી સંચાલિત કરવામાં આવી હતી.

### અમરોલીમાં...

અંકુલ પટેલ સ્થળ પર પહોંચ્યા હતા. ટીમે સાવચેતીપૂર્વક મગરના બચ્ચાનું રેસક્યુ કરી તેને સુરક્ષિત રીતે કબજામાં લીધું હતું.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭
ફોન : + ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, + ૯૧ ૭૯૭૮૧૧૭૯૨૨

**સુધારો**

આથી તા.૨૫/૦૭/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં છપાયેલ તા.૧૨/૦૮/૨૦૨૬ ના રોજ યોજાયેલ બેંકની હરાજી ની નોટીસ માં ''સરફેસી એક્ટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૩૦ દિવસ ની વૈધાનિક વેચાણ નોટીસ'' ભુલ અને શરતચુકથી ખોટી છપાયેલ છે. જે સુધારીને સાચી ''સરફેસી એક્ટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૧૫ દિવસ ની વૈધાનિક વેચાણ નોટીસ'' વાંચવું.

આ હરાજીની બીજી બધી વિગતો યાથાવત રહેશે.

તા.૨૬.૦૭.૨૦૨૬ । સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા